## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




એ.સી બંધ કરાવી દો પહેલા... કાલે જ મે ટી.વીમાં પાર્ટીઅધ્યક્ષને કહેતા સાંભળ્યા કે...એ.સી માં બેસીને નિતી ઘડનારી પાર્ટી અમારી નથી....!!

# ગાંધીનગર સિવિલ ખાતે CBRN ઈમરજન્સી ઉપર મોકડ્રીલ યોજાઈ

**જી.એમ.ઈ.આર.એસ., સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે આજે CBRN ઇમરજન્સી ઉપર મોકડ્રીલ યોજાઇ હતી**









ગાંધીનગર, તા. ૨૭

સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે યોજાયેલ મોકડ્રીલમાં મેડિકલ સ્ટોર રૂમમાં રાખવામાં આવેલ સલ્ફ્યુરિક એસિડ, નાઈટ્રિક એસિડ અને હાઈડ્રોક્લોરિક એસિડ જેવા રાસાયણિકના કન્ટેનર કામદારો દ્વારા યોગ્ય સ્થળે રાખતા હતા. તે દરમ્યાન એક કન્ટેનર નીચે પડી ગયું હતું અને લીકેજ થયું હતું. કન્ટેનર લીકેજ થવાના કારણે અચાનક ત્યાં ફરજ બજાવતા ૭ જેટલા વ્યક્તિઓ અર્ધબેભાન હાલતમાં રૂમની બહાર આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ સિવિલ સ્ટાફ દ્વારા ઈમરજન્સીમાં ફાયર ટીમ, એન. ડી. આર. એફ.ની ટીમ, પોલીસ અને એન. જી. ઓ સંસ્થાને જાણ કરી હતી જાણ થતા જ એન.ડી.આર.એફ. ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. બચાવ કાર્ય શરૂ કર્યું હતું. બેભાન હાલતમાં રહેલા કર્મચારીઓને તાત્કાલિક સારવાર આપવા માટે બહાર નીકાળવામાં આવ્યા હતા. મેડિકલ સ્ટોર રૂમમાંથી ચાર વ્યક્તિઓને બહાર કાઢવામાં આવ્યા હતા. અને બે વ્યક્તિઓ કે જે બેભાન અવસ્થામાં હતા, તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ સમગ્ર મોકડ્રિલ દરમિયાન ફાયરના ૭ જવાનો, એનડી આરએફના ૩૦ જવાનો, પોલીસના ૬ જવાનો, પોલીસના ૬ જવાનો, સિવિલ હોસ્પિટલના ૧૮ કર્મચારી ૧૦૮ ના ૨ કર્મયોગી અને એન.જી.ઓ.ના ૬ મળી મોકડ્રીલમાં ૬૯ વ્યક્તિ સહભાગી બન્યા હતા. અને સમગ્ર મોકડ્રીલને સફળતાથી પાર પાડી હતી.

## સે-૨૮ હ્યુન્ડાઈ શો રૂમ સામે વિદેશી દારૂની બે બોટલ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે ગુડાના મકાનમાં રહેતો અને હ્યુન્ડાઈ શો રૂમ સામેથી રાજેશ ઉર્ફે ચિરકુટ આદિદ્રવિડ (રહે.૨૮ જીઆઈડીસી ગુડાના મકાનમાં મુળ ગામ-વિરતાચલમ જી.કાડલુર તમિલનાડુ) ને બે બોટલ દારૂ કિ.૧૩૮૦ ના મુદ્દામાલ સાથે સેકટર-૨૧ પોલીસે પકડી પાડી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે દારૂની બોટલ કોની પાસેથી લાવ્યો હોવાની યુવકને પુછપરછ કરી હતી. પરંતુ યુવકે સંતોષકારક જવાબ આપ્યો ન હતો.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગરમાં આજે આકાશ વાદળછાયુ રહ્યુ હતુ અને પવનની લ્હેરખીઓએ નગરજનોને બફારામાં રાહત આપી હતી.

●ગાંધીનગર શહેર એકમાત્ર શહેર એવુ છે જ્યાં પાણીના વેરાના દર અલગ-અલગ છે.

●ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળી લિ.ની આજે ૫૬મી સાધારણ સભા મળશે જેમાં નિવૃત્ત શિક્ષકો તેમજ શિક્ષકોના તેજસ્વી સંતાનોનું સન્માન કરવામાં આવશે.

●ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની કારોબારી સમિતિની આજે મહત્વની બેઠક પંચાયત પરિષદ ખાતે યોજાઈ છે.

●ગાંધીનગરના જીવરાજ મહેતા ભવનના એક બ્લોકમાં મારામારીના દૃશ્યો સર્જાયા હતા જે આખો દિવસ ચર્ચામાં રહ્યા હતા.

●ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે રિલાયન્સ ટ્રેન્ડ્સ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.

●ડભોડામાં ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી આપવા ગયેલા યુવકનું બાઈક ચોરાતા ચકચાર મચી જવા પામી છે.

●કલોલ જનસેવા કેન્દ્રના કર્મચારી પર પાંચ શખ્સોનો ધોકાવડે હુમલાની ઘટના નોંધાઈ છે.

●રાયપુર ગામની સીમમાં કેનાલ નજીકથી જુગાર રમતા ૪ ઈસમોને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે.

●જિલ્લામાં ૧લી જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી આજે હવામાન વિભાગે કરી છે.

●પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે. ૧૩ ખાતે મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.

●રેડક્રોસ સોસાયટી દ્વારા જી.ઈ.બી. કોલોની ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ.

●અરવિંદ કેન્દ્ર દ્વારા મહિલા ઉત્કર્ષ મંડળની સ્થાપના કરવામાં આવી છે.

●ગાંધીનગર શહેરમાં વધતા જતા દબાણોને લઈ ત્રસ્ત નગરજનોમાં હવે ચર્ચા ઉગ્ર બની છે.

●ગાંધીનગર શહેરમાં સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા ઓછી જણાઈ હતી.

●ગાંધીનગર શહેરમાં નિયત કરાયેલ સ્ટેન્ડો પર બસ નહિ ઉભી રહેતી હોવાની ફરિયાદોનો ગણગણાટ નગરજનોમાં શરૂ થયો છે.

●શહેરમાં ઉભરાતી ગટરોની સમસ્યા વિકરાળ બની રહી છે અને તંત્રની ઉદાસીનતા સામે સૌ રોષ વ્યક્ત કરી રહ્યા છે.



બોડકદેવ પોલીસ સ્ટેશનના સહયોગથી ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદ ખાતે ઈન્ટરનેશનલ વુશુ ચેમ્પિયન અને સેલ્ફ-ડિફેન્સ નિષ્ણાત અમનદીપ સિંઘ દ્વારા મહિલા સ્વ-રક્ષણ અને સલામતી પર તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો.આ સેમિનાર શાળાના આચાર્ય અને વાઈસ પ્રિન્સિપાલની હાજરીમાં યોજાયો હતો.

## ગુજરાત સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કાર અર્પણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ભાષા-સાહિત્યના મુર્ધન્ય સાહિત્યકારોને સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને યુવા સાહિત્યકારોને યુવા ગૌરવ પુરસ્કાર આપવામાં આવે છે.

ગુજરાતી, હિન્દી અને કચ્છી ભાષાના સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કાર જાહેર કરવામાં આવેલ છે.જે તા. ૨૮ જૂન, ૨૦૨૩ ને બુધવારે સાંજે ૪.૩૦ કલાકે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સેક્ટર-૯, ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે, સાંસ્કૃતિક મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્યકક્ષાના સાંસ્કૃતિક મંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં વર્ષ-૨૦૨૧ અને ૨૦૨૨ સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં પધારવા માટે સાહિત્યકારો અને સાહિત્યપ્રમીઓને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા ભાવભર્યુ નિમંત્રણ છે.

## સિવિલમાં આરોગ્ય મંત્રી આવવાની શક્યતાને પગલે તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૨૭

સેવા કેન્દ્ર અને ખાનગી કંપની દ્વારા દર્દીઓ માટે આપવામાં આવેલી ત્રણ ઈલેક્ટ્રીક કારના ઉદ્‌ઘાટન પ્રસંગે રાજયના આરોગ્ય મંત્રી રૂષીકેશભાઈ પટેલ આગામી તા.૩૦ ને શુક્રવારના રોજ ગાંધીનગર હોસ્પિટલમાં આવે તેવી શક્યાતાઓ છે. જેથી સિવિલ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં ઓપીડી બિલ્ડીંગ અને તાત્કાલીક વિભાગમાં સેવા કેન્દ્ર ઉભા કરવામાં આવ્યા છે. આ સેવા કેન્દ્ર દ્વારા દિવ્યાંગો, સિનિયર સિટિઝન અને સગર્ભા મહિલાઓને અગ્રતા આપવામાં આવશે. જયારે ડોકટર, વોર્ડ, દવા, એમ્બ્યુલન્સ, સહિત વિવિધ વિભાગની પણ જાણકારી સેવાકેન્દ્ર પરથી મળી રહેશે. આ કેન્દ્ર પર કર્મચારી પણ મુકવામાં આવનાર છે.

જયારે બીજીતરફ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક ઈલેક્ટ્રીક કાર હતી. તે ઉપરાંત તાજેતરમાં એસ્ટ્રોલ કંપની દ્વારા વધુ ત્રણ ઈલેક્ટ્રીક કાર અશકત દર્દીઓ માટે આપવામાં આવી છે.

ત્યારે ઓપીડી બિલ્ડીંગ તેમજ તાત્કાલીક વિભાગથી ૬૦૦ બેડની હોસ્પિટલ સુધી બિમાર, અશકત અને વડીલોની સેવામાં આ ઈલેક્ટ્રીક કારનો ઉપયોગ કરવામાં આવનાર છે. ત્યારે સિવિલમાં સેવા કેન્દ્ર અને ઈલેક્ટ્રીક કારના ઉદ્‌ઘાટન પ્રસંગે આરોગ્ય મંત્રી રૂષીકેશભાઈ પટેલ આવે તેવી શક્યતાઓ છે.

જેને પગલે સિવિલ તંત્ર દ્વારા તમામ વિભાગને સુચનાઓ આપી દેવામાં આવી છે. જેથી સિવિલમાં હાલ તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.

ત્યારે સિવિલમાં એમઆરઆઈ મશીન આવી ગયું છે. ત્યારે તેની કામગીરી કેટલે પહોંચી તે જોવા માટે આરોગ્ય મંત્રી રૂષીકેશભાઈ જાય તો નવાઈ નહી.

## રાયપુર ખારીકટ કેનાલ પાસેથી ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના રાયપુર ગામની ખારીકટ કેનાલ પાસે કુંડાળુ વળીને બેસીને જુગાર રમી રહેલા ચાર જુગારીઓને રૂ.૧૦ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ડભોડા પોલીસ મથકના પીએસઆઈ એમ.એસ.રાણા અને ટીમના જવાનો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા.

તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે રાયપુર ગામની ખારીકટ કેનાલ નજીક ઝાડીઓમાં જુગારધામ ધમધમી રહ્યું છે.

જેથી પોલીસે તે વિસ્તાર કોર્ડન કરી લીધો હતો.

ત્યારપછી ઝાડી વિસ્તારમાં અંદર જઈને તપાસ કરતા કેટલાક શખ્સો કુંડાળુ વળી બાજી માંડીને બેઠા હતા.

જેથી પોલીસે જુગારીઓને જે તે સ્થિતિમાં બેસી રહેવાની સુચના આપી હતી.

પોલીસે જુગારીઓના નામ પુછતા મુકેશ આત્મારામ ડાભી, કાળાજી બાબુજી ડાભી, અને ગંભીરકુમાર ખુમાનસિંહ ડાભી, દશરથજી આદરજી ડાભી, હોવાનું જણાવ્યું હતું.

પોલીસે જુગારીઓના દાવ પરથી રોકડા રૂ.૧૬૫૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા રૂ.૮૭૫૦ મળી કુલ રૂ.૧૦,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કલોલ અને માણસાના ગામોમાં રીક્ષા દ્વારા રેલી રથ જાગૃતિનું આયોજન કર્યું



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા ના કલોલ અને માણસા તાલુકાના પલિયડ.કોઠા ધમાસણ. અને મોખાસણ માં રીક્ષા દ્વારા રેલી રથજાગૃતિ રથ નું આ યોજન કરવામાં આવેલ ઉત્કર્ષ ફાઉન્ડેશન ટ્રસ્ટ લિંક વર્કર સ્કીમ પ્રોગ્રામ અંતર્ગત ઝોનલ સુપરવાઈઝર નિર્મલા રાઠોડ,અને લિંક વર્કર દ્વારા ગામોમાં લોક જાગૃતિ અર્થે રિક્ષા દ્વારા IEC વિતરણ કરી HIV/એઈડ્સ .ટીબી તેમજ જાતીય રોગો વિશે ગામોમાં સ્પીકર દ્વારા સૂત્રોચાર નું આયોજન સમગ્ર પ્રોગ્રામમાં શ્રી સોમાભાઈ જે પટેલ સાર્વજનિક હોસ્પિટલ પલીયડ ગામમાં જાગૃતિ કરવાનો પ્રયાસ માટે Mo.ડૉ. મયુર શાહ માહિતી અને માર્ગદર્શન આપ્યું Mo.ડૉ. મયુર શાહ Mo ડૉ.ભાવિન પટેલ તેમજ આઈસીટીસી કાઉન્સેલર તેમજ લેબ ટેકનિશિયન અન્ય હોસ્પિટલ ના સ્ટાફ હાજર રહ્યા જેમા પલિયડ થી કોઠા થી મોખાસણ થી ધમાસણ એમ ૪ ગામ માં રીક્ષા દ્વારારેલી રથ જાગુતિ કાર્યકર્મ આયોજન કરવામાં આવેલ. સો-પ્રથમ દરેક સ્ટાફને રેડ રિબન લગાવેલ ત્યાર બાદ મેડિકલ ઓફિસર દ્વારા રીબીન કટીંગ કરવામાં આવેલ ત્યારબાદ ગ્રીન ઝંડી દઈને જાગૃતિ રથ નું કાર્યક્રમ કરવામાં આવેલ જેનો હતું રીક્ષા દ્વારા સ્પીકર દ્વારા સૂત્રોચાર દરેક ગામમાં સ્લોગનના શબ્દો સાંભળે એવા ઉદ્દ્શ સાથે જાગુતિનું આયોજન કરવામાં આવેલ.

## મિત્રની ઓફિસના ઉદ્‌ઘાટનમાં ગયેલા યુવકનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૨૭

ડભોડા ખાતે મિત્રની ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે ગયેલા યુવકના બાઈકની ચોરી થવા પામી છે.

યુવકે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના વડોદરા ગામના સુરાજીના માઢ ખાતે પરીવા સાથે રહેતા રાકેશ મુકેશજી ઠાકોર બાકરોલ ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેઓએ વર્ષ ૨૦૨૦ ની સાલમાં હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.ડી.જે.-૧૨૨૮ ખરીદ્યુ હતું. બાઈકનો ઉપયોગ ઘર વપરાશ અને નોકરીના કામે કરતા હતા. ગત તા.૨૪ જુનના રોજ રાકેશ ઠાકોર તેના મિત્ર સાથે ડભોડા થી ચિલોડા તરફ જવાના માર્ગ પર આકાશ કંપનીની બાજુમાં સંબંધીના ઘરે ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે રાખવામાં આવેલા ડાયરામાં ગયા હતા. રાત્રે નવ વાગે બાઈક સ્ટેજની પાછળ પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. ત્યારબાદ રાત્રે ૧૨ વાગે ઘરે જવા માટે પાર્કિંગમાં બાઈક લેવા જતા પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી આવતા ડભોડા પોલીસ મથકે ફરીયા નોંધાઈ છે.

## શિહોલી મોટી ખાતે ૧૦ ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી આત્મા/ખેતીવાડી અને બાગાયત ખાતાના સંયુક્ત પ્રયાસ દ્વારા ૧૦ ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર બેઝ પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ.

આ તાલીમવર્ગમાં ગામના સરપંચ પરબતસિંહ એમ. ઠાકોર અને ગામના પ્રગતિશીલ જાગૃત ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



ગાંધીનગર શહેરની આસપાસ આવેલા ગ્રામ્ય વિસ્તારોને શહેરમાં સમાવેશ કરાયો છે પરંતુ સુવિધાઓ હજુ પર્યાપ્ત માત્રામાં મળતી નથી. સેક્ટર-૩૦માં અક્ષરધામની નજીક આવેલા બોરીજ ગામમાં ગટર માટે ખાડો ખોદવામાં આવ્યો છે. તેના કારણે ગંદુ પાણી રોડ ઉપર વહી રહ્યુ છે. અહીંથી પસાર થતાં રાહદારીઓ અને વાહનચાલકોને નાછૂટકે મો પર રૂમાલ બાંધીને નીકળવુ પડે છે.

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ વિષયે વિનયન કોલેજમાં કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૭

સરકારી વિનયન કોલેજ ખાતે અભ્યાસક્રમ સમિતિ અને IQAC ના સહયોગથી નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ પર તા. ૨૪-૬-૨૦૨૩ના રોજ એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ આ વર્ષથી અમલી થવા જઈ રહી છે

ત્યારે કોલેજ સ્ટાફને તેના પ્રેક્ટિકલ ઈમ્પલીમેંટેશન માટે વિષય નિષ્ણાત એવા ડૉ. સાગર દવે અને ડૉ. પિનલ દોશી દ્વારા ખૂબ જ સરસ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય તેમજ સમગ્ર સ્ટાફ આ કાર્યશાળામાં રસપૂર્વક જોડાયો હતો.